સ. શિ. પ. / જુલાઈ ૦૬ /૮૫૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રાજ્ઞ : તૃતીય ખંડ
## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ]  રવિવાર, ૧૬ જુલાઈ, ૨૦૦૬  કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. ભગવાન સંબંધી તો એ સાધન છે કે નિશ્ચય રહે તો સર્વે સાધન આવે.
૨. ચાર પ્રકારના મોટા પુરુષ
૩. ઘોડેસવાર તથા પાણિયારીનાં દૃષ્ટાંત અને સિદ્ધાંત દ્વારા સ્પષ્ટ થતો બોધ
૪. જેણે પોતાનું કલ્યાણ ઇચ્છવું, તેણે કોઈ પ્રકારનું માન રાખવું નહિ.
૫. ભગવાનનું માહાત્મ્ય

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. પંચવર્તમાન સંબંધી કાચ્યપ ............... નિષ્કપટ કહેવાય.
૨. જેમ સોનાનો દોરો .................. તે જ અમારી નાત છે.
૩. તે શ્રુતિમાં કહ્યું છે જે .................. તેને પ્રાપ્ત થાય છે.
૪. એવી રીતે ભગવાન ને .................. સેવા કર્યાનું ફળ છે.
૫. એક દ્રવ્યાદિકનો લોભ .................. સુખ તો ક્યારેય થાય જ નહિ.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

(૧) કલ્યાણ - પરમપદ
(૨) ભગવાનના ભક્તનો દ્રોહ





**('સનાતન ધર્મ અભિગમ' પુસ્તકના આધારે)**

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો.** ૨૦

૧. બ્રહ્મચર્યભંગનાં કારણો
૨. સ્વામિનારાયણ સંપ્રદાયમાં મૂર્તિપૂજાનો મહિમા તથા મૂર્તિના પ્રકાર
૩. પુનર્જન્મ અંગે અન્ય ધર્મોની માન્યતા

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૨, ૩ અને ૪' નવી આવૃત્તિના આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. શ્રીજીના મુખે સ્વસ્વરૂપનું દર્શન
૨. શ્રીહરિ અને ઉત્સવો
૩. શ્રીહરિનાં ચરિત્રો દ્વારા વ્યક્ત થતું સર્વોપરીપણું

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે ટૂંકનોંધ લખો.** ૨૦

૧. સદ્‌ગુરુ ખેલે વસંત
૨. બામરોલીમાં પગીઓને ઉપદેશ
૩. એક પત્ર દ્વારા અઢારને સાધુદીક્ષા
૪. શાંતિનો ઉપાય - ચરિત્ર